R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ? (હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 49 DATE: 08-12-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## પુર્વ ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયા 'કઠપુતળી 'હતા તેથી ન્યાય આપવાની પ્રક્રિયાને ગંભીર અસર પહોચતી :જસ્ટીસ(નિવૃત) કુરિયન જોસેફ

સુપ્રીમ કોર્ટના પુર્વ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા કોઇ બાહ્ય સ્ત્રોતના પ્રભાવ હેઠળ કામગીરી કરી રહ્યા હતા અને તેના કારણે ન્યાય અપાવવાની પ્રક્રિયાને અસર થતી હતી તેઓ સનસનીખેજ દાવો જસ્ટીસ(નિવૃત) કુરિયન જોસેફે કર્યો હતો.ઉલ્લેખનીય છે કે આ વર્ષના જાન્યુઆરીમાં ત્યારના ચીફ જસ્ટીસ મિશ્રાની કામગીરીથી અસંતુષ્ટ સુપ્રીમના ચાર જજોએ એક પત્રકાર પરિષદ યોજીને પોતાનો બળાપો કાઢ્યો હતો.એ ચાર જજોમાં જસ્ટીસ કુરીયન જોસેફ પણ હતા.હવે નિવૃત્તિના ત્રણ દિવસ બાદ તેમણે ન્યાયતંત્રમા બાહ્ય હસ્તક્ષેપનો દાવો કરતાં ખળભળાટ મચી ગયો છે.

૨૯મી નવેમ્બરે નિવૃત થયેલા જસ્ટીસ જોસેફે કહ્યુ હતું કે ત્યારના ચીફ જસ્ટીસ કોઇ બાહ્ય સ્ત્રોતના થોડાક પ્રભાવ હેઠળ કામ કરી રહ્યા હતા.તેમનું સંચાલન બહારથી રિમોટ કંન્ટ્રોલ દ્વારા થતું હતું.આ બાહ્ય સ્ત્રોતના પ્રભાવને લઇને ન્યાય આપવાની પ્રક્રિયાને અસર થઇ રહી હતી.તેઓ ક્યા આધારે આવો દાવો કરી રહ્યા છે તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યુ હતું કે આ દાવો સુપ્રીમને નડતા મુદ્દાઓને મામલે જાહેરમાં આવેલા જજો અને અન્ય કોર્ટના જ અન્ય જજોમાં પ્રવર્તતી અવધારણાના આધારે કરાયો છે. જો કે આ બાહ્ય સ્ત્રોત કોણ છે અને ક્યા કેસોમાં પક્ષપાત થયો છે અને ન્યાયની પક્રીયાને અસર થઇ છે તે અંગે જણાવવાનો તેમણે ઇન્કાર કર્યો હતો.કોઇ ચોક્કસ કેસમાં કોઇ રાજકીય પાર્ટી અથવા સરકાર દ્વારા કથિત દબાણ થયું હતું કે કેમ તેવા સવાલના જવાબમાં જસ્ટીસ જોસેફે કહ્યુ હતું કે જજોનો માત્ર એટલો જ અભિપ્રાય હતો કે સબંધિત જજ દ્વરા થોડા પક્ષપાત હતા. તેમણે કહ્યુ હતું કે કોઇ ચોક્કસ કેસનો સંદર્ભ ટાંકવાની જરુર નથી. મને માફ કરો હું આ મામલો આગળ લઇ જવા માંગતો નથી. તેમ તેમણે કહ્યુ હતું પોતાની વાત આગળ ચલાવતાં તેમણે કહ્યુ હતું કે અમારા દબાણની અસર થઇ હતી.અને ચીફ જસ્ટીસ તરીકે જસ્ટીસ મિશ્રાના કાર્યકાળના અંતિમ સમય દરમિયાન સારી પરિસ્થિતિનું નિર્માણ થવાની શરુઆત થઇ હતી અને હવે જસ્ટીસ ગોગોઇની આગેવાનીમાં તે આગળ ચાલી રહી છે.જસ્ટીસ જોસેફે કહ્યુ હતું કે ૧૨ જાન્યુઆરીના પ્રેસ કોન્ફરન્સમાં ચાર જજોએ જે મુદ્દાઓ અને ફેરફારોની વિચારણા કરી હતી તેની શરુઆત ચીફ જસ્ટીસ મિશ્રાએ એ પછીના કાર્યકાળમાં શરુ કરી હતી.અને હવે તે સતત પ્રક્રિયા બની છે.હાલના ચીફ જસ્ટીસ ગોગોઇ તેને આગળ ધપાવી રહ્યા છે. બાહ્ય દબાણ અંગે ચાર જજોએ જસ્ટીસ મિશ્રા સાથે વાત કરી હતી.તેમણે પક્ષપાતની માન્યતા સાથે ચાલી રહેલા અનેક કેસોનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.જસ્ટીસ જોસેફે દાવો કર્યો હતો કે ચીફ જસ્ટીસ મિશ્રા સ્વતંત્ર રીતે નિર્ણય લઇ શકતા નહોતા.જેની અમને ખાતરી છે.તેઓ બાહ્ય દબાણમાં છે તેની ખાતરી થયાબાદ પત્રકાર પરિષદ યોજવાનો નિર્ણય લેવાયો હતો.

જસ્ટીસ કુરીયન જોસેફની ટિપ્પણી બાદ કોગ્રેસે કહ્યુ હતું કે ટોચના સ્તરે સરકારી દરમિયાનગીરી ચાલતી હોવાના તેના આક્ષેપને પુરવાર કરે છે.તેમણે આ મામલે અલગ સંસદીય અને ન્યાયી તપાસની માંગણી કરી છે.

## અમેરિકામાં ૨૦૧૪ થી વીસ હજારથી વધુ ભારતીયોએ આશ્રય માંગ્યો

વર્ષ ૨૦૧૪ થી વીસ હજારથી વધુ ભારતીયોએ અમેરિકામાં શરણ લેવા માટે અરજી કરી છે.અને તેમાં પુરુષોની સંખ્યા સૌથી વધુ છે તેમ એક રિપોર્ટમાં જણાવાયું છે. ભારત માટે ચિંતાજનક કહી શકાય તેમ જુલાઇ સુધી સૌથી વધુ ૭૨૧૪ ભારતીયઓએ અમેરિકામાં આશ્રય માટે અરજી કરી છે.તેમાં મહિલાઓની સંખ્યા માત્ર ૨૯૬ હતી.તેમ અમેરિકાના હોમલેન્ડ સિક્યોરીટી ડીપાર્ટમેન્ટે જણાવ્યુ છે.

વર્ષ ૨૦૧૪માં ૨૩૦૬ ભારતીય નાગરિકોએ આશ્રય મેળવવા માટે અરજી કરી હતી.તેમાં મહિલાઓની સંખ્યા ૧૪૬ હતી. તે પછીના વર્ષે ૨૯૭૧ ભારતીયોએ આશ્રયની માંગણી કરી હતી.જેમાં ૯૬ મહિલાઓ સામેલ હતી.૨૦૧૬માં ૪૦૮૮ ભારતીયોએ અમેરિકામાં આશ્રય માટે અરજી કરી હતી.એ પછીના ૨૦૧૭ના વર્ષમાં ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સીક્યુરીટીને ૩૯૫૬ ભારતીયો તરફથી આશ્રય માટેની અરજીઓ મળી હતી.એક પંજાબી સંગઠન નાપાના અધિકારી સતનામ સિંહ ચહલે કહ્યુ હતું કે આ અમારા માટે એક ચિંતાની વાત છે.જેમને વંશ,ધર્મ,જાતિ,રાષ્ટ્રીયતા, એક ચોક્કસ જુથમાં સભ્યપદ અથવા રાજકીય અભિપ્રાયના મામલે સતામણીનું ચોક્કસ કારણ હોય તેવા લોકો અમેરિકામાં આશ્રય મેળવવા માટે અરજી કરે છે.

## ફ્રાંસમાં ઇંધણોમાં ભાવવધારાના વિરોધમાં સૌથી મોટ હિંસક તોફાનો : કટોકટી લાદવા કવાયત

ફ્રાંસમાં ઈંધણોપર ભાવવધારાના વિરોધમાં છેલ્લા દાયકાના સૌથી મોટા હિંસક તોફાનો ફાટી નીકળ્યા છે. જેને પગલે ફ્રાંસની સરકાર દેશમાં કટોકટી લાદવા વિચારણા કરી રહી છે.યલો વેસ્ટ રાયોટસના નામે જાણીતા બનેલા આ તોફાનોમાં ૨૦ પોલીસ કર્મી સહિત૧૩૩ લોકોને ઇજા પહોચી છે.અને ૪૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે.ઈંધણો પર ટેક્સ અને મોંઘવારી પર જીવન દોહ્યલું બનતાં ચળવળકારો સડકો પર ઉતરી આવ્યા હતા.તોફાનીઓએ સડકો પરના વાહનોને આગ ચાપી હતી.ઈમારતોના કાચ તોડી નાંખ્યા હતા.મોટા સ્ટોર્સમાં લુંટ ચલાવવામાં આવી હતી.પેરિસના ૨૦ મેટ્રો સ્ટેશન બંધ કરી દેવાયા હતા. અને પરા વિસ્તારની દુકાનો અને સ્ટોર્સ બંધ કરી દેવાયા હતા.

## ઇરાન પર અમેરિકાએ પ્રતિબંધો મુકવાની ધમકી સામે ઇરાને ગલ્ફમાંથી ઓઇલ પુરવઠો બંધ થઇ જશે તેવી વળતી ધમકી આપી

ઈરાનના પ્રમુખ હસન રૌહાનીએ અમેરિકાના પ્રતિબંધો સામે આકરુ વલણ અપનાવીને ખુલ્લેઆમ ધમકી આપી છે કે જો અમેરિકા નહીં માને તો ગલ્ફના તમામ દેશોમાંથી ક્રુડનો પુરવઠો બંધ કરી દેવાશે. ઈરાનની ધમકીનો ગલ્ફના દેશો અમલ કરશે તો આખા વિશ્વમાં ક્રુડ ઓઇલનું સંકટ સર્જાઇ શકે છે.

રૌહાનીએ દાવો કર્યો હતો કે અમેરિકાના આર્થિક કે અન્ય પ્રતિબંધોની ઇરાન પર કોઇ અસર થઇ નથી.આ અગાઉ જુલાઇમાં પણ રૌહાનીએ અમેરિકાને સિંહનું પુછડું આમળવાની ચેતવણી આપી હતી.અને ઇરાન સાથે નરમ વલણ અપનાવવા કહ્યુ હતું.રૌહાનીએ ગલ્ફના દેશોમાંથી આખા વિશ્વને ક્રુડનો પુરવઠો બંધ કરવાની ધમકીનો પુનરોચ્ચાર કર્યો હતો.તેમણે એક ટીવી પ્રસારણમાં અમેરિકાને ચેતવણી આપતાં કહ્યુ હતું કે અમેરિકા જાણી લે કે તે ઇરાનને ઓઇલની નિકાસ કરતાં કોઇપણ સંજોગોમાં રોકી શકશે નહીં.જો અમેરિકા કોઇ અટકચાળો કરશે તો પર્શિયન ગલ્ફમાંથી ઓઇલની નિકાસ બંધ કરવામાં આવશે.

## અમેરિકાના ૪૧માં રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ એચ.ડબલ્યુ બુશનું નિધન

અમેરિકાના પુર્વ રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ એચ.ડબલ્યુ બુશનું ટેક્સાસના હ્યુસ્ટન ખાતે તેમના નિવાસ સ્થાને નિધન થયું હતું. તેમની ઉંમર ૯૪ વર્ષની હતી. તેઓઅમેરિકાના ના ૪૧માં રાષ્ટ્ર પ્રમુખ હતા.લાંબી માંદગી બાદ તેમનું નિધન થયું હતું.અમેરિકાના સૌથી લાંબુ આયુષ્ય ભોગવનારા તેઓ રાષ્ટ્રપ્રમુખ હતા.તેઓ ઘણા સમયથી પાર્કિન્સન રોગથી પીડાતા હતા.જ્યોર્જ બુશ સિનિયર અને જ્યોર્જ બુશ જુનિયર બંને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા હતા.બેઉ પિતા પુત્ર તરીકે રાષ્ટ્રપ્રમુખ બન્યા તે પહેલાં જ્હોન આદમ્સ અને જ્હોન ક્વીન્સી આદમ પિતા પુત્ર અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ બન્યા હતા.

જ્યોર્જ એચ.ડબલ્યુ બુશને તેમના પુત્ર જુનિયર બુશે એક સદચરિત્ર વ્યક્તિ અને સર્વશ્રેષ્ઠ પિતા ગણાવ્યા હતા.બુશના પત્ની બાર્બરા બુશનું પણ આ વર્ષે એપ્રિલમાં નિધન થયું હતું.બેન્નેનું લગ્નજીવન આશરે ૭૩ વર્ષ જેટલું ચાલ્યું હતું.અમેરિકાના ૪૧માં રાષ્ટ્રપ્રમુખ બુશ વિદેશ નીતિના સારા જાણકાર હતા.વર્ષ ૧૯૮૯માં સોવિયત સંઘના વિભાજનમાં તેમની ભુમિકા અતિ મહત્વની હતી.તેના આશરે બે વર્ષ બાદ તેમણે કુવૈતમાં ઘુસણખોરી કરનાર ઇરાકના શક્તિશાળી નેતા સદામ હુસેનને પરાજીત કરવા માટે એક અભુતપુર્વ ગઠબંધન પણ બનાવ્યુ હતું.સીઆઇએના પુર્વ પ્રમુખ રહેલા બુશ માત્ર એક કાર્યકાળ સુધી જ સત્તામાં રહ્યા હતા.દેશની નબળી અર્થવ્યવસ્થાને કારણે તેમને ૧૯૯૨માં ડેમોક્રેટના ઉમેદવાર બિલ ક્લિન્ટન સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો.રાજકીય સ્થિરતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે સામાન્ય સંમતિના તરફેણ કરનાર બુશની વિચારધારા અમેરિકાના હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પથી તદ્દન વિપરીત હતી.સદ્દગતના કુટુંબીજનોને ઇશ્વર આશ્વાસને અને દિલાસો આપે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

## નવ ક્રાંતિ

જંગલમાં આવેલા ખેતરોમાંથી ગાયોના હાજપિંજર મળી આવ્યાના મામલે ભડકેલી હિંસામાં કથિત લોકોની સામેલગીરી બદલ ચાર લોકોની ધરપકડ કરાઇ છે.આ હિંસામાં એક પોલીસ ઇન્સ્પેકટર સુબોધકુમાર સિંહાનું અને એક યુવાન સુમિતનું મોત નીપજ્યું છે.આ હત્યાના આરોપ માટે બજરંગ દળના કન્વીનર યોગેશ રાજનું નામ બહાર આવતાં તે નાસી છુટયો છે. આ મામલે નોધાયેલી ફરિયાદમાં ૨૭ લોકોના નામઆવ્યા છે જ્યારે ૫૦ થી ૬૦ અજાણ્યા લોકોની સામે કેસ કરાયો છે. ૨૭માંથી ચાર લોકો બજરંગ દળ સહિત જમણેરી સંગઠનોના હોદેદારો અથવા કાર્યકરો છે.

"ઇન્સ્પેકટર સુબોધકુમાર સિંહ દાદરી ના રહેવાસી મોહમંદ અખલાકની ટોળા દ્વારા થયેલી હિંસાના મામલે તપાસ કરી રહ્યા હતા.અખલાકને ગૌમાંસના મુદ્દે ટોળાએ મારપીટ કરીને મારી નાંખ્યો હતો.આ બાબતે જમણેરી સંગઠન ઉપર સોય તકાઇ હતી અને કેટલાક તે પૈકીના લોકોની ધરપકડ પણ કરાઇ હતી.ઇન્સ્પેકટરના પુત્રે કહ્યુ હતું કે તેમના પિતા ધર્મના નામે થતી હિંસાના વિરોધી હતા.તેણે કહ્યુ હતું કે મારા પિતાએ હિન્દુ-મુસ્લીમની તકરારમાં પોતાનું જીવન ગુમાવ્યુ છે.હવે કોના પિતાનો વારો આવશે ?સુબોધકુમાર સિંહે અખલાકની હિંસાની ઘટના બાદ તેના ઘરમાંથી માંસના નમુના એકઠા કર્યા હતા તેમની ત્વરિત કામગીરીના કારણે જ અખલાકના ઘરમાંથી મળી આવેલું માંસ બકરાનું માંસ સાબિત થયું હતું.તેમણે આખો કેસ ખોટો અને કેટલાક કટ્ટરવાદીઓ દ્વારા ઊભો કરવામાં આવેલો છે તેવું સાબિત કરતાં તેમની તપાસમાંથી અધવચ્ચે જ બદલી વારાણસી કરી નાંખવામાં આવી હતી.એનો અર્થ એ થાય છે કે જે લોકો અખલાકની હત્યા સાથે સંકળાયેલા હતા તેમના તાર રાજકીય સુત્રો સાથે જોડાયેલા હતા."

"બુલંદશહેરની ઘટનામાં તેહસીલદાર રાજકુમાર ભાસ્કરે જણાવ્યુ હતું કે શેરડીના ખેતરમાં ગૌમાંસ લટકાવેલું હતું. હેંગરમાં જેમ વસ્ત્રો લટકાવે તેમ ગાયનું માથું અને ચામડા લટકાવેલા હતા.રાજ્યની હાલની સ્થિતિ જોતાં કોઇ ગૌહત્યા કરે તો આ રીતે જાહેરમાં પ્રદર્શન ના કરે.થોડાક સમયમાં હિંદુ યુવા વાહીની, શિવસેના અને બજરંગદળના કાર્યકરો અચાનક ઉમટી પડ્યા હતા.અને હિંસા આચરવા લાગ્યા હતા.આ કોમી તણાવ ફેલાવવાનો એક સુનીયોજીત પ્રયાસ હતો.કારણકે આ સમયે બુંલંદશહેરમાં કોઇ ધાર્મિક પ્રસંગે દેશભરમાંથી ૧૦ લાખ મુસ્લીમો એકઠા થયા હતા."

" જે શેરડીના ખેતરમાંથી ગૌમાંસ મળ્યાનો દાવો કરાયો છે તેની નજીકમાં જ રહેતાં એક ગ્રામીણે જણાવ્યુ હતું કે મે આગલા દિવસે ખેતરમાં કોઇ ગૌમાંસ જોયું નહોતું. હું ખેતરની બરાબર સામે જ રહું છું.સોમવારે પણ મે ખેતરમાં કશું જોયું નહોતું.મે ખેતરમાં કોઇને ગૌહત્યા કરતાં પણ જોયા નથી. "

ઉપરોક્ત હકીકતો કોઇએ ગૌહત્યા કરી છે તેમ કહેવું શંકાસ્પદ છે. આ બાબતે એવું માનવાને કારણ બને છે કે આખો બનાવ તૈયાર કરેલા પ્લોટનો એક ભાગ છે.ગાયની કતલ કરનારાઓ તેના માંસ માટે કત્લ કરે છે તેથી તેને હેન્ગરમાં લટકાવવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.ખેતરોમાં થયેલી કત્લની જાણ માત્ર હિદુ યુવા વાહીની,બજરંગદલ અને બીજા જમણેરી સંગઠનોના કાર્યકરોને એકાએક કેવી રીતે થઇ ? ખેતરની સામે જ રહેનારે કશું જોયું જ નથી તો ગાયનું માસ,ચામડા કે માથા કેવી રીતે અચાનક ત્યાં આવી ગયા ? શું અખલાકની હત્યાની તપાસ કરનાર પોલીસ ઇન્સ્પેકટરને નિશાન બનાવવાનો આખો પ્લાન હતો ? સમગ્ર બાબત સંશોધનનો ગંભીર વિષય છે.અત્યાર સુધી પોલીસ વિભાગ આ જમણેરી સંગઠનોના કાર્યકરોની સાંઠગાઠના એક ભાગ તરીકે કામ કરતા હતા.હવે તેમનો પણ વારો આવી ગયો.પોલીસે હવે નિષ્પક્ષ રીતે તપાસ કરીને ગુનેગારોને પકડીને કાયદાના હવાલે કરવા જોઇએ.

આપણા વડાપ્રધાને ગૌરક્ષોની ગુડાગીરી બાબતે બહુ કડક નિવેદન કર્યુ હતું.સુપ્રીમ કોર્ટે પણ માર્ગદર્શિકા બહાર પાડી હતી.જેમણે અમલ કરવાનો છે તેઓ નબળા પડે તો પછી કોનુ શું થશે તે કેવી રીતે નક્કી કરી શકાશે ? યોગીજીના પ્રતાપે ફાલી ફુલેલાઓને હવે લગામ લગાવવાની જરુરીયાત છે નહીંતર કાલે તમારો પણ વારો આવી શકે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટયુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# નોટબંધી વ્યાપક,આકરો,નાણાંકીય આઘાત હતો તેના કારણે આર્થિક વૃધ્ધિ દર ઘટીને ૬.૮ ટકા થઇ ગયો :પુર્વ આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ



નરેન્દ્ર મોદી સરકાર ભલે નોટબંધીને ઐતિહાસિક પગલું ગણાવીને તેના ફાયદા ગણાવતી હોય પરંતુ તેમના જ પુર્વ આર્થિક સલાહકાર આ વાત સાથે સહેજેય સંમત નથી. તેમણે દાવો કર્યો હતો કે નોટબંધી વ્યાપક,આકરો અને નાણાકીય આઘાત હતો અને તેના કારણે આર્થિક વૃધ્ધિ દર ૬.૮ ટકાએ પહોચી ગયો હતો.

પોતાના પુસ્તક ઓફ કાઉન્સીલ : ધ ચેલેન્જીસ ઓફ મોદી-જેટલી ઇકોનોમી માં મોદી સરકારના પુર્વ આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે કહ્યુ છે કે ઊંચા મુલ્યની ચલણી નોટ પર પ્રતિબંધને કારણે અનૌપચારિક ક્ષેત્રને સૌથી વધુ માર પડ્યો હતો.અરવિંદનું પુસ્તક પાંચમી ડીસેમ્બરે બજારમાં આવશે. પરંતુ તે પહેલાં તેના અંશો જારી કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે.મોદી સરકારમાં જ મુખ્ય આર્થિક સલાહકાર રહી ચુકેલા સુબ્રમણ્યમે જુનમાં જ તેમનો હોદો છોડી દીધો હતો. જોકે રુ.૫૦૦ અને રુ૧૦૦૦ની ચલણી નોટો બંધ કરતાં પહેલાં તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો કે કેમ તે બાબતે તેમના પુસ્તકમાં કોઇ ઉલ્લેખ નથી.

વડાપ્રધાન મોદીએ ૮ નવેમ્બર,૨૦૧૬ના રોજ નોટબંધીના નિર્ણયની જાહેરાત કરી હતી.તેમણે કહ્યુ હતું કે આનાથી સિસ્ટમમાં ભ્રષ્ટાચાર ઘટશે, જો કે તેનાથી તદ્દન વિપરિત ચેપ્ટર ધ ટુ પઝલ્સ ઓફ ડિમોનેટાઇઝેશન-પોલીટીકલ અને ઇકોનોમીકમાં સુબ્રમણ્યમે લખ્યું છે કે નોટબંધી વ્યાપક,આકરો નાણાંકીય આઘાત હતો. એકજ ઝાટકે ચલણમાંથી ૮૬ ટકા ચલણી નોટો પાછી ખેંચી લેવામાં આવી હતી. નોટબંધીને કારણે વાસ્તવિક કુલ ઘરેલું પેદાશને અસર થઇ હતી.એ અગાઉ પણ વિકાસ દર ધીમો હતો પરંતુ નોટબંધી પછી ઘટાડાની ગતિ વધુ વેગીલી બની હતી. નોટબંધી પહેલાના દોઢ વર્ષમાં વૃધ્ધિ દર સરેરાશ આઠ ટકા હતો.પરંતુ નોટબંધી પછીના ૨૧ મહિનામાં તે દર ઘટીને ૬.૮ ટકાએ પહોચી ગયો હતો.સુબ્રમણ્યમે ઉમેર્યુ છે કે નોટબંધીને કારણે વિકાસ દર ધીમો પડ્યો તે મામલે કોઇ વિવાદ નથી.પરંતુ ઘટાડાના કદ મામલે ચર્ચા થઇ છે.આ ગાળામાં અન્ય કેટલાક પરિબળો પણ અસર કરી ગયા હતા.જેમાં વાસ્તવિક વ્યાજદર, જીએસટીનો અલમ અને ઓઇલના વધતા ભાવો જેવા કારણો પણ હતા.

પરંતુ પુર્વ આર્થિક સલાહકારે ઉમેર્યુ છે કે નોટબંધી જેવા પગલાંને કારણે અનૌપચારિક ક્ષેત્રને સૌથી વધુ અસર થઇ હતી. આ ક્ષેત્રની આવક પર દબાણ આવે તો તેના ઔપચારિક ક્ષેત્રમાં માંગણીને અસર થશે અને જીડીપી પર આ અસર નોધપાત્ર રહી છે.

જો કે તેમણે લખ્યું છે કે નોટબંધીને કારણે વધુ લોકો રોકડના વ્યવહારોને ઇલેક્ટ્રોનિક સ્વરુપમાં કરતા થયા છે.

તેમણે નોટબંધીને અભુતપુર્વ પગલું ગણાવ્યુ હતું. જે કોઇપણ દેશ સામાન્ય સંજોગોમાં હાથ ધરતો નથી.અન્ય દેશોએ આ પગલુ તબક્કાવાર અથવા ચલણની કટોકટી અથવા યુધ્ધ અથવા વધુ પડતાં ફુગાવામાં હાથ ધર્યુ હતું. સુબ્રમણ્યમે કહ્યુ હતું કે ગરીબો પર નોટબંધીની વિપરીત અસરોને ન અવગણી શકાય તેવા સામુહિક નુકશાન તરીકે જોઇ શકાય છે.

નોટબંધીએ આર્થિક વિકાસની ગતિ અટકાવનારુ પગલું હતું. અને પરિણામે દેશમાં અર્થવ્યવસ્થામાં ભારે અફરાતફરીનો માહોલ પેદા થયો હતો.

ભાજપાના સાંસદ સુબ્રમણ્ય સ્વામીએ દેશના આર્થિક સલાહકાર તરીકે કામ કરી રહેલા અરવિંદ સુબ્રમણ્યમની હકાલપટ્ટી માટે જાહેર નિવદનો આપેલા તેમજ રિઝર્વ બેન્કના ગર્વનર માટે પણ તેમણે નિવેદનો કરેલા .

## લોકોને ન્યાય મળે તે જરુરી છેઃ સુનાવણી સ્થગિત થવી જોઇએ નહી : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

ભારતના બંધારણ દિવસની ઉજવણી નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ,કાયદા મંત્રી રવિશંકરની ઉપસ્થિતિમાં કહ્યુ હતું કે કોર્ટમાં સુનાવણી સ્થગતિ થવી જોઇએ નહીં.લોકશાહીમાં લોકોને ન્યાય મળવો જરુરી છે.રાષ્ટ્રપતિ કોવિંદે વધુમાં કહ્યુ કે સમાન તક અને અવસરની સમાનતા ૧૯૪૯માં જરુરી હતી અને આજે પણ છે. સંસદમાં ગતિરોધ પેદા થવો જોઇએ નહીં.ગૃહમાં કામ થવું જરુરી છે.આપણું બંધારણીય દાયિત્વ છે. તેમણે કહ્યુ હતું કે આધાર કાર્ડને લીધે ભ્રષ્ટાચાર અટક્યો છે.સેવાઓ લોકો સુધી પહોચી છે.પરંતુ અંગતતા બાબત હજુ એક સમસ્યા છે.બંધારણ દિવસ નિમિત્તે ઉપસ્થિત રહેલા ચીફ જસ્ટીસ રંજન ગોગોઇએ કહ્યુ કે બંધારણના સુઝાવો પર ધ્યાન આપવું આપણા તમામના હિતમાં છે.અને આવું નહીં કરવાથી અરાજકતા વધશે. બંધારણ વંચિતો-પીડીતોનો અવાજ છે.બંધારણ સંકટ સમયે સતત માર્ગદર્શકની ભુમિકા નિભાવે છે.જસ્ટીસ ગોગોઇએ વધુમાં કહ્યુ હતું કે બંધારણ ભારતના લોકોના જીવનનું અભિન્ન અંગ બની ગયું છે.આ કોઇ અતિશયોક્તિ નથી. અદાલતો રોજ જે પ્રકારે સુનાવણી કરે છે એને લોકોએ જોવી જોઇએ.તેમણે કહ્યુ કે જ્યારે બંધારણ લાગુ કરાયું હતું ત્યારે તેની ટીકા કરાઇ હતી. સર ઇવર જેનિગ્સે તેને ઘણું મોટું અને આકરુ ગણાવ્યુ હતું.પરંતુ સમયે તેની ટીકાને નબળી સાબિત કરી દીધી છે.જસ્ટીસ ગોગોઇએ કહ્યુ કે અમારુ બંધારણ અમારુ માર્ગદર્શન કરે છે.મુશ્કેલ સમયમાં પણ બંધારણ જ રસ્તો બતાવે છે.

### જાણવા જેવું !

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.

# ચુંટણીમાં ઉમેદવારે પોતાના ગુનાઓ ટીવી ચેનલમાં પ્રસારિત કરવા પડશેઃ જસદણ લોકસભા ચુટણીથી આ નિયમ અમલી બનશે

લોકસભા-વિધાનસભા ચુંટણીઓમાં ઉમેદવારી કરનાર નાગરિકે પોતાની સામે નોધાયેલા ગુના,સજાની હકીકતો પોતાના મતદારો સમક્ષ જાહેર કરવી ફરજીયાત થઈ પડશે.તેના માટે ટીવી ચેનલો અને અખબારોમાં બાકાયદા જાહેરાતો આપીને મતદારોને જાણ કરવી પડશે તેમ ભારતના મુખ્ય ચુંટણી પંચ દ્વારા કહેવાયું છે.

ચુંટણીમાં ઉમેદવારી પત્ર સાથે જ ઉમેદવારને પોતાના સોગંદનામામાં ફોજદારી કેસો,દેવું, મિલકત, શૈક્ષણિક લાયકાત જાહેર કરવાની હોય છે. અત્યાર સુધી ચુંટણી અધિકારી અને પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેતુ આ સોગંદનામાની હકીકતો ઉમેદવારે ઉમેદવારી પત્ર પાછું ખેચવાની છેલ્લી તારીખથી ચુંટણીના બે દિવસ પુર્વેના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછી ત્રણ વખત ટીવી ચેનલો મારફતે અલગ અલગ ત્રણ દિવસ નિયત કરેલા સમયે પ્રસિધ્ધ કરવાની રહેશે.એટલું જ નહીં,બહોળો ફેલાવો ધરાવતા સમાચાર પત્રોમાં તેની પ્રસિધ્ધિ કરવાની રહેશે.તેની નકલો ચુંટણી અધિકારને ખર્ચના હિસાબો સાથે રજુ કરવાની રહેશે.

ભાજપ-કોગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારો સામેના ફોજદારી કેસોની જાણ હોવાની ચુંટણી પંચ સમક્ષ જાહેર કરવું પડશે.એટલું જ નહી પોતાના પક્ષની વેબસાઈટ ઉપર પણ તેનો બહોળો ફેલાવો કરવો પડશે.

એફઆઈઆરમાં દર્શાવેલા આરોપો અંગે અખબારોમાં પણ જાહેર ખબર દ્વારા કબુલાત કરવી ફરજીયાત રહેશે.આમ ચુંટણીમાં ઉમેદવારો માટે કડક કાયદાની નજરમાંથી પસાર થવું પડશે. જો કે આમાંથી રસ્તાઓ શોધી કાઢવા માટે રાજકીય પક્ષો અને ઉમેદવારો નવા નવા હથકંડા અપનાવશે તેમાં લગીરે શંકા નથી પરંતુ ખોટા લોકો પકડાઈ જશે તો પ્રજાને ફરીથી ઉમેદવાર નક્કી કરવો પડશે.

જો કે ચુંટણી પંચે બનાવેલા નિયમોનું પાલન ઉમેદવારોએ કર્યુ છે તે માનવુ ભુલભરેલું છે.

# ઉત્તરપ્રદેશમાં કોમી તણાવ ફેલાવવાનું સુનિયોજીત કાવતરુ ?

બુલંદ શહેરની ઘટનામાં તેહસીલદાર રાજકુમાર ભાસ્કરે જણાવ્યુ હતું કે શેરડીના ખેતરમાં ગૌમાંસ લટકાવેલું હતું. હેગરમાં વસ્ત્ર જેમ લટકાવવામાં આવે તેમ ગાયનું માથું અને ચામડાં લટકાવેલાં હતા.રાજ્યની સ્થિતિ જોતાં કોઇ ગૌહત્યા કરે તો આ રીતે જાહેર પ્રદર્શન ના કરે.થોડા સમયમાં હિંદુ વાહીની, શિવસેના, અને બજરંગદળના કાર્યકરો અચાનક ઉમટી પડ્યા હતા અને હિંસા આચરવા લાગ્યા હતા.આ કોમી તણાવ ફેલાવવાનો સુનિયોજિત પ્રયાસ હતો કારણકે તે સમયે બુલંદશહેરમાં ૧૦ લાખ મુસ્લીમો એકઠા થયા હતાં.

જે શેરડીના ખેતરમાંથી ગૌમાંસ મળ્યાનો દાવો કરાયો છે તેની નજીક જ રહેતા એક ગ્રામીણે જણાવ્યુ હતું કે મે આગલા દિવસે ખેતરમાં કોઇ ગૌમાંસ જોયું નહોતું.હું ખેતરની બરાબર સામે રહું છું.મે ખેતરમાં કશું જોયું નહોતું.મે ખેતરમાં કોઈને ગૌહત્યા કરતાં પણ જોયા નહોતા.

પરિણામે આ ઘટના શંકા ઉપજાવે તેવી છે.૧. શેરડીના ખેતરમાં ગૌમાંસ લટકાવેલું હતું .હેગરમાં વસ્ત્ર લટકાવવામાં આવે તેમ ગાયનું માથું અને ચામડા લટકાવેલાં હતા.ગૌહત્યા કરનારા જાહેરમાં આવું કૃત્ય કરે નહીં.

૨.હિંદુ વાહીની, શિવસેના અને બજરંગ દળના કાર્યકરો અચાનક ક્યાંથી ઉમટી પડ્યા અને હિંસા આચરવા લાગ્યા હતા?

૩.બુલંદશહેરમાં ૧૦ લાખ મુસ્લીમો એકઠા થયા હતા.કોમી તણાવ ફેલાવવાનો આ કારસો હતો ?

ખેતરની સામે રહેનાર વ્યક્તિએ કોઈને શેરડીના ખેતરમાં ગૌહત્યા કરતાં જોયા જ નહોતા. તો માંસ આવ્યું ક્યાંથી.

આખી ઘટના વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવી હોય તેવું દેખાય છે.આ ઉપરાંત તેમણે મુસ્લીમો વિરુધ્ધ એફઆઈઆર લખાવી છે જે પોલીસે નોધી છે.પોલીસે વગર સબુતે એફઆઈઆર નોધી તેમાં કેટલાક બાળકો છે.

અનું પાન નં. ૪ નું ચાલુ

ઉત્પાદનક્ષમ પશુધન ઉભુ કરવામાં થઈ શકે.કમિટિના સભ્યો તરીકે નિયમિત મળવાને કારણે આરએસએસના ગોલવલકર અને ડો.કુરિયન વચ્ચે વૈચારિક મતભેદ વચ્ચે પણ ગાઢ મિત્રતા બંધાઈ હતી.ડો.કુરીયને તેમની આત્મકથામાં નોધ્યું છે કે લોકોનો આક્ષેપ હતો કે ગાંધીજીની હત્યાના આયોજનમાં ગોલવલકરનો હોથ હતો પણ કોણ જાણે એ વાત મારા ગળે ઉતરતી નહોતી.મારે મન તેઓ એક પ્રમાણિક સ્પષ્ટ વક્તા માણસ હતા.જો તેઓ કહેવાતા હિંદુ ઉદામવાદી હોત તો કદાપિ તેઓ મારા મિત્ર ન બની શક્યા હોત.

ડો.કુરિયને નોધ્યું છે કે ગોલવલકરના અવસાન પછી ગુજરાત આરએસએસના વડા મને મળવા આણંદ આવ્યા હતા. ગુરુજીએ તેમના અવસાન પહેલાં દેશની રાજ્ય શાખાના વડાઓને પુના બોલાવ્યા હતા.તેમાં આ ગુજરાતના વડા પણ હતા.તેમણે મને આવીને કહ્યુ કે તમે ગુજરાત જાવ ત્યારે જરુર આણંદ જજો અને કુરીયનને મારા આશિષ આપજો. તેમનો આ સંદેશો હું તમને આપવા આવ્યો છું.સંદેશો આપવા આવનાર વડાએ મને પુછ્યું કે તમે ખ્રિસ્તી છો છતાં ગુરુજીએ આખા ગુજરાતમાંથી માત્ર તમને જ શા માટે આ રીતે આશીષ પાઠવ્યા?ડો.કુરિયને કહ્યુ કે તેનો ઉત્તર તો ગુરુજી પાસે જ છે. હું આપી શકું તેમ નથી. કેમ કે હું જાણતો નથી.

ડો.કુરિયન ન હોત તો ગુજરાતમાં પશુપાલન આટલું વિકસ્યું ન હોત ને ગાય સહિત દુધાળા ઢોરની કતલ થતી હોત. આટલું રાજનેતાઓ સમજે તોય ઘણું છે. (મણીભાઈ એમ.પટેલ સૌ. સંદેશ)

# અમુલના પિતામહ ડો. વર્ગીસ કુરીયનની ગરિમાનું હનન કરતી ટીકા કરતાં દિલિપ સંઘાણીએ સહકારી ક્ષેત્રની ગરિમાને લુણો લગાડ્યો છે

વિશ્વભરમાં જેનું નામ આદરથી લેવાય છે તેવા અમુલના પિતામહ અને શ્વેતક્રાંતિના પ્રણેતા એવા ડો.વર્ગીસ કુરીયનની જન્મજયંતિ નિમિત્તે આરંભાયેલી બાઈક રેલી અમર ડેરી ખાતે પહોચતાં તેના સ્વાગત માટેના કાર્યક્રમમાં ઉપસ્થિત દિલિપ સંઘાણીએ સ્વ કુરીયન પર ધર્માંતરણના આક્ષેપો કરતાં તેમની ભારે આલોચના થઈ છે.ડો.કુરીયન ઉપર ખોટા આક્ષેપો કરીને તેમણે તેમની જ બદનામી કરી છે.વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા ભાજપના નેતા દિલિપ સંઘાણીએ તાજેતરમાં સિંગો અને મગફળીના મામલે પણ આવા કેટલાક નિવેદનો કર્યા હતા.ફરીથી તેમણે ડો. કુરીયન સામે કરેલા આક્ષેપોમાં કોઈ વજુદ નથી.સંઘાણીએ એવું કહ્યુ હતું કે ડો.કુરીયન ફેડરેશનના માધ્યમથી ધર્માંતરણ માટે નાણાં આપતા હતા.અને અમુલના પિતામહ તરીકે તેમને આગળ ધર્યા એ કોગ્રેસની દેન છે.મુળ સ્થાપકને ભુલીને કોગ્રેસે એક અંગ્રેજને અમુલના પિતામહ બનાવ્યા એ ષડયંત્ર હતું તેવા વ્યક્તવ્યથી સહકારી આગેવાનોએ ભારે આંચકો અનુભવ્યો હતો.

સહકારી ક્ષેત્રે કોગ્રેસે જે કાર્ય કર્યુ છે તેને ભુસી નાંખવાની ભાજપી ચેષ્ટાઓ જાણીતી છે.ભાજપના શાસનમાં સહકારી ક્ષેત્ર કેટલો ભ્રષ્ટાચારનો લુણો લાગેલો છે તે સૌ જાણે છે.અને તેમાં સફાઈ કરવી જરુરી છે.જ્યારે કુરીયનની હયાતી નથી ત્યારે તેમના નિમિત્તે યોજાતા કાર્યક્રમમાં કાદવ ઉછાળવાની વૃત્તિ શોભનીય નથી.પરંતુ સહકારી ક્ષેત્રમાં ઘુસણખોરી કરીને ઘુસી ગયેલા અને બની બેઠેલા નેતાઓ જેમનું કોઈ મહત્વનું યોગદાન નથી તેમને આવા આક્ષેપો કરીને પોતે મહાન છે તેવું દેખાડવાની વૃત્તિ દેશ માટે નુકશાન કારક છે.શું દિલિપ સંઘાણી ડો.કુરીયનની લીટી નાની કરીને તેમની લીટી મોટી કરવાના પ્રયત્નમાં ભુલી ના જાય કે તેમનુ વજુદ શું છે ?


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ડો. કુરીયનથી ખ્રિસ્તીઓ કરતાં હિંદુઓને વધારે ફાયદો થયો છે

ગુજરાતના એક પીઢ સહકારી અગ્રણી,રાજ્યના પુર્વ મંત્રી અને પુર્વ સાંસદે મિલ્ક ડે નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં કહ્યુ કે ડો.કુરીયન ધર્મપરિવર્તન માટે અમુલમાંથી નાણાં આપતા હતા ને ધર્મપરિવર્તન કરાવતા હતા.તેમણે એમ પણ કહ્યુ કે તેમણે અમુલના સ્થાપક,સરદાર પટેલ અને ત્રિભુવનદાસને સાઇડમાં કર્યા હતા.અને અંગ્રેજી અખબારોએ તેમને હીરો બનાવ્યા હતા. સત્તાધારી પક્ષના આ અગ્રણી આમ તો પાર્ટીલાઇનથી ઉપર ઉઠીને ખેડુતોના પ્રશ્નો ઉઠાવવા માટે જાણીતા છે.એટલા જ વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા છે.

ડો.કુરીયન અમુલ, ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, એનડીડીબી અને ઈરમા જેવી સંસ્થાઓના સ્થાપક પૈકીના એક મુખ્ય સંસ્થાપક હતા.અમુલ અને મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના વર્તમાન પ્રમુખ અને વર્તમાન મેનેજીંગ ડીરેકટર બંનેએ વર્ષો સુધી ડો.કુરીયન સાથે કામ કર્યુ છે અને તેમના સહયોગી રહ્યા છે.બંનેના ઘડતરમાં ડો.કુરીયનનાં યોગદાનને નજરઅંદાજ કરી શકાય નહીં.અમુક કે ફેડરેશનમાંથી ડો. કુરીયન ખ્રિસ્તી મિશનરીઓને ભંડોળ આપતા કે નહીં તે વાતની સ્પષ્ટતા ડો.કુરીયન વર્ષો સુધી આજીવન જેના સમર્પિત મોભી રહ્યા તેમણે કરવી જોઈએ અને આ બંને સંસ્થાઓની આ ફરજ તથા જવાબદારી છે, કેમકે ડો.કુરીયન સ્પષ્ટતા કરવા હયાત નથી અને તેમના અવસાન બાદ આવો આક્ષેપ કરવામાં આવ્યો છે.એક રાજકીય આગેવાને કરેલી વાત સાચી છે કે ખોટી તેની સ્પષ્ટતા થાય તે જરુરી છે.કેમકે મધર ટેરેસા જેવા સેવાવ્રતી સામે પણ આવા આક્ષેપો ભુતકાળમાં કરાયા હતા.અમર્ત્ય સેનને નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે તેમનો પણ ધર્મના




વિવાદમાં સંડોવામાં આવ્યા હતા.એટલે ડો.કુરીયનના મુદ્દે તેમની માતૃસંસ્થાઓની સ્પષ્ટતા કે ખુલાસાની રાહ જોવી રહી. કેમકે સહકારી અગ્રણીએ તો ત્યાં સુધી કહ્યું કે તેમને આ જ કારણસર હોદ્દા પરથી દુર કરવામાં આવ્યા હતા.બંનેટોચની સહકારી સંસ્થાઓ હોવાથી તેમના ઓડીટેડ હિસાબો હશે એટલે વિગતો મેળવવાનું અઘરું નથી.

બીજી વાત એ આવે કે ડો.કુરીયને સરદાર પટેલ અને ત્રિભુવનદાસને સાઇડમાં કર્યા હતા. આ બે મહાપુરુષોને સાઇડમાં કરવાનું ડો.કુરીયનનું ગજું શું ? પીઢ ગાંધીવાદી કામદાર નેતા સ્વ અરવિંદભાઇ બુચ સાથે ૧૯૭૮ થી ૧૯૮૫ સુધીમાં અનેક વાર અમુલના ગેસ્ટહાઈસમાં ડો.કુરીયન અને ત્રિભુવનદાસને મારે રુબરુ મળવાનું થયું છે. ત્રિભુવનદાસનો હાથ પકડીને સભા-મીટીંગોમાં આવતાં વિવેકી ડો.કુરીયનને મે નજરે અનેક વાર જોયા છે.ખાનગી કંપનીની નોકરી છોડીને બિસ્તર બાંધીને વતનમાં જવા આણંદ છોડનાર ડો. કુરીયનનું મન ત્રિભુવનદાસે બદલ્યું હતું એ પછી તો ડો.કુરીયન સવાયા ગુજરાતી બનીને આજીવન ગુજરાતને સમર્પિત રહ્યા. એક વાર આંધ્ર પ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી એન.ટી.રામારાવે ડો. કુરીયનને કહ્યુ હતું કે તમે આંધ્ર પ્રદેશ આવો ને ગુજરાત જેવી યા તો તેથી વધુ સગવડો આપીશું.ગુજરાત જેવી શ્રેત ક્રાંતિ અમારે ત્યા પણ સર્જો.ત્યારે ડો.કુરિયને કહ્યુ હતું કે તમે સગવડો આપીને ડો.કુરીયન મેળવી શકશો પણ તમે આંધ્ર પ્રદેશમાં મને એક ત્રિભુવનદાસ આપી શકશો ? એનો સીધો અર્થ થાય કે ડો.કુરીયન હંમેશા ત્રિભુવનદાસ પ્રત્યે આદરભાવ અને સન્માનની લાગણી દાખવી છે.એક વાર ડો.કુરીયને કહેલું કે અમે દરિયામાંથી સેકડો કુરીયન પેદા કર્યા પણ એક ત્રિભુવનદાસ પેદા કરી શકયા નથી.ફિલ્મ નિર્માતા અમૃત નાહટાને ડો.કુરીયને કહેલું કે અમુલ જેવી ડેરી કરવા બીજા કુરીયન મળી રહે પણ બીજા ત્રિભુવનદાસ ક્યાંથી મળે ? ડો. કુરીયન કહેતા કે હી વોઝ એ મેન ઓફ ઈન્ટીગ્રેટી.આજે હજારો ગરીબોને લાભ મળે છે તે ત્રિભુવનદાસ ફાઉન્ડેશનની રચનાના પાયામાં ડો.કુરીયન હતા. ત્રિભુવનદાસના આગ્રહથી આણંદમાં રોકાયેલા ડો. કુરિયને રોકતાં પહેલા ત્રિભુવનદાસને નતો પગાર પુછ્યો કે ન તો સગવડો. આવા ડો. કુરીયનને ત્રિભુવનદાસને સાઇડમાં કર્યા તેમ કહેવું તેમને ભારોભાર અન્યાય કરવા બરાબર છે.

ડો. કુરીયન ખ્રિસ્તી મિશનરીઓને ભંડોળ આપતા કે કેમ તેની માહીતિ મારી પાસો નથી પણ ખ્રિસ્તી મિશનરીઓ ભારતના ગરીબો, ગ્રામીણો અને આદીવાસીઓ માટે જે કામ કરે છે તે ભારતમાં કેટલા કરતાં હશે? આપણેઆ કામ કર્યુ હોત તો આજે ગરીબી,અનારોગ્ય,કે નિરક્ષરતા ન હોત. મધર ટેરેસા હોય કે ડો.કુરીયન અંતે તો જે ગરીબોની સેવા કરી છે તે મોટાભાગના હિંદુ કે ભારતીયો હતો.જે લાખો દુધ ઉત્પાદકોનું જીવન બદલ્યું તે મોટાભાગના પશુપાલકો ભારતીય અને વિશેષ હિંદુઓ છે.ડો.કુરીયનની કામગીરીથી સૌથી વધુ ફાયદો ખ્રિસ્તીઓને નહીં,હિંદુ ભારતીયોને થયો છે.ડો.કુરિયને દેશના કોઈ પશુપાલકને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા કદી કહ્યુ હોય તેવું જાણમાં નથી.તેમણે પશુપાલકોના કલ્યાણનું કામ ખ્રિસ્તી મિશનરીને બદલે ત્રિભુવનદાસ ફાઉન્ડેશન રચીને તેને સોપ્યું.ગરીબોના દિલ સુધી ખ્રિસ્તી મિશનરીઓ કેમ પહોચી શકે તેની આત્મખોજ કરવાની જરુર છે.

ડો.કુરીયન કહેતા કે હું સરકારનો નહીં પણ ખેડુતોનો નોકર છું.તેઓ નિવૃત થયા ત્યાં સુધી ૬૦ વર્ષ સુધી માત્ર રુ.૫૦૦૦ માસિક વેતન લેતા હતા અને નિવૃત્તિ બાદ ટોકન એક રુપીયો લેતા હતા.આવો નખશિખ પ્રમાણિક માણસ આજના સહકારી આગેવાનોમાં દીવો જઈને શોધવા જવુંપડે. નહેરુથી ડો. મનમોહનસિંહ સુધીના વડાપ્રધાનો તેમનો આદર કરતા ને તેમના કાર્યમાં સહાયભુત થતાં ડો.કુરિયને ધાર્યુ હોત તો રાજકારણમાં ઉંચા પદ માટે જઈ શકયા હોત પણ તેમણે આણંદ ન છોડ્યું.ડો.કુરિયન મધર ટેરેસા,અમર્ત્યસેન કે ઈલાબેન ભટ્ટ જેવા ઘરઆંગણાના રત્નોની કદર પહેલા વિદેશી સન્માનોથી થઈ છે.પછી ભારતીય સરકારી સન્માન તેમને મળ્યા છે.

ગુજરાતના રાજકારણીઓને ડો.કુરિયન વર્ષ ૨૦૦૦ પછી ઓછા ગમતા હતા. ડો. કુરિયમ જેવી વિશ્વવિભુતિને સવાયા ગુજરાતીના અવસાન ટાણે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી આણંદથી નજીકના શહેરમાં હોવા છતાં ત્યાં પુષ્પાજંલિ અર્પવા જવાનું યોગ્ય લાગ્યું નહોતું. ડો. કુરિયને ત્રિભુવનદાસ માનાસિંહભાઈ,ગલબાભાઈ, ભુરાભાઈ અને મોતીભાઈ જેવા સંનિષ્ઠ રાજકારણીઓ સાથે કામ કર્યુ પણ વર્ષ ૨૦૦૦ પછીના નેતાઓ સાથે તેમનો પનારો બરાબર ના પડ્યો.ડો.કુરીયન હતા ત્યાં સુધી દુધની સહકારી પ્રવૃત્તિનું સરકારીકરણ તેમણે થવા દીધું નહોતું. તેમના સમયમાં સમકક્ષ ને પ્રમાણિક રાજનેતાઓ જિલ્લા દુધસંઘોના અધ્યક્ષ હતા છતાં કોઈએ ડો.કુરીયનનો વિરોધ સુંધ્ધા કર્યો નહોતો કે તેમને પદ પરથી હટાવવા કદી પ્રયાસ કર્યો નહોતા.ડો.કુરિયનને પદ પરથી હટાવ્યા બાદ ફેડરેશન અને સંઘોના હોદ્દેદારોની વરણી સત્તાપક્ષના આગેવાનો નક્કી કરે છે.કુરીયન હતા ત્યાં સુધી કોઈ રાજકીય પક્ષ કે નેતા તેમની સહકારી પ્રવૃત્તિમાં હસ્તક્ષેપ કરવાની હિંમત કરતા નહોતા.એટલે જ તેમને હટાવવાની રાજકારણીઓને જરુર પડી.

૧૯૬૭માં ભારત સરકારે ગૌરક્ષા અંગેની એક સમિતિમાં ડો.કુરિયનને પણ સભ્ય બનાવ્યા હતા.આ સમિતિમાં પુરીના શંકરાચાર્ય અને આરએસએસ સંઘના વડા ગોલવલકર પણ હતા. અને ગાયો અંગે તેમના મંતવ્યોમાં વિચારભેદ હતો. ડો.કુરિયન માનતા કે ઉપયોગી ગાયની કતલ ન થવી જોઈએ પણ રોગી ગાયોની કતલ સામે તેમને વાંધો નહતો.તેઓ માનતા કે આવી ગાયો દુર કરવાથી ડેરી ઉદ્યોગને પ્રાપ્ત સાધનોનો ઉપયોગ તંદુરસ્ત અને

અનુ પાન નં ૩ ઉપર

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.